અપીલ અરજી નં.૩૨૯ તા.૧૯–૧ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૪–૧૨–૧૦ ની અરજીથી ૫,૬,૭ અટોપનગર, ભટાર રોડ, સુરત સ્થિત જે બાંધકામ થયેલ છે તથા હાલમાં જે બાંધકામ ચાલુ છે તેની માળ ક્ષેત્રફળ, પાર્કીગ, ઉંચાઈ તથા બાંધકામ કરવા માટેની પરવાનગી તેમજ કાયદેસરની સંપૂર્ણ માહિતી આ બાંધકામ અટકાવવામાં આવ્યું હોય કોઈ નોટીસ આપી હોય અને ફરીથી બાંધકામ ચાલુ કરવામાં આવ્યું હોય તેની માહિતી તથા આ બાંધકામ અંગે કોઈએ અરજી કરેલ હોય અને તેઓને આ માહિતી પૂરી પાડેલ હોઈ અથવા ન પૂરી પાડેલ હોય તેમજ આ બાબતની માહિતી માંગનારના નામ સહિતની સંપૂર્ણ માહિતી લીક કરી અને આ કાયદાનો ભંગ કરેલ હોય તેવા માહિતી અધિકારીના નામ તથા હોદ્દા સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૨૯/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૪–૧૨–૧૦ ની અરજીથી ૫,૬,૭ અટોપનગર, ભટાર રોડ, સુરત સ્થિત જે બાંધકામ થયેલ છે તથા હાલમાં જે બાંધકામ ચાલુ છે તેની માળ ક્ષેત્રફળ, પાર્કીગ, ઉંચાઈ તથા બાંધકામ કરવા માટેની પરવાનગી તેમજ કાયદેસરની સંપૂર્ણ માહિતી.આ બાંધકામ અટકાવવામાં આવ્યું હોય કોઈ નોટીસ આપી હોય અને ફરીથી બાંધકામ ચાલુ કરવામાં આવ્યું હોય તેની માહિતી તથા આ બાંધકામ અંગે કોઈએ અરજી કરેલ હોય અને તેઓને આ માહિતી પૂરી પાડેલ હોઈ અથવા ન પૂરી પાડેલ હોય તેમજ આ બાબતની માહિતી માંગનારના નામ સહિતની સંપૂર્ણ માહિતી લીક કરી અને આ કાયદાનો ભંગ કરેલ હોય તેવા માહિતી અધિકારીના નામ તથા હોદ્દા સહિતની માહિતી આપવા બાબતે ગોળ ગોળ જવાબ આપેલ છે ઉપલબ્ધ રેકર્ડ પ્રમાણે પણ માહિતી આપેલ નથી રેકર્ડમાં હોવા છતાં આપેલ નથી તેવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૧૯–૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૦ તા.૨૫–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કરેલ દાવો " રેકર્ડમાં હોવા છતાં માહિતી આપેલ નથી" તેના સમર્થનમાં આધાર હોય તો તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૩૧–૧–૧૧ થી માહિતી આપેલ છે જેમાં પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૦૩ તા.૧૮–૧૦–૧૦ થી આપેલ માહિતી પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૪–૧૨–૧૦ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. ઉધનાઝનો તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/૪૭૮ તા.૧૬–૧૨–૧૦ થી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. જેમાં અરજદારને માંગેલ માહિતીમાં ૫,૬,૭ અટોપનગર, ભટાર રોડ, સુરત સ્થિત જે બાંધકામ થયેલ છે તથા હાલમાં જે બાંધકામ ચાલુ છે તેની માળ ક્ષેત્રફળ, પાર્કીગ, ઉંચાઈ તથા બાંધકામ કરવા માટેની પરવાનગી તેમજ કાયદેસરની સંપૂર્ણ માહિતી.આ બાંધકામ અટકાવવામાં આવ્યું હોય કોઈ નોટીસ આપી હોય અને ફરીથી બાંધકામ ચાલુ કરવામાં આવ્યું હોય તેની માહિતી તથા આ બાંધકામ અંગે કોઈએ અરજી કરેલ હોય અને તેઓને આ માહિતી પૂરી પાડેલ હોઈ અથવા ન પૂરી પાડેલ હોય તેમજ આ બાબતની માહિતી માંગનારના નામ સહિતની સંપૂર્ણ માહિતી લીક કરી અને આ કાયદાનો ભંગ કરેલ હોય તેવા માહિતી અધિકારીના નામ તથા હોદ્દા સહિતની માહિતી આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૧૧૮૬ તા.૧૨–૧–૧૧ થી અરજીમાં દર્શાવેલ માંગ્યા મુજબની માહિતી અઠવાઝોનના ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં ઉપલબ્ધ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. અરજદારને અપીલ અરજીમાં કરેલ દાવા રેકર્ડ હોવા છતાં માહિતી આપેલ નથી તેના સમર્થનમાં તા.૩૧–૧–૧૧ ના પત્રથી જણાવેલ કે સાઉથવેસ્ટ અઠવાઝોનના જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર ધ્વારા પત્ર નં.સા.વે.ઝોન /અઠવા /આરટીઆઈ/આ.નં.૮૦૩ તા.૧૮–૧૦–૧૦ ના રોજ માહિતી પૂરી પાડેલ છે જયારે અરજદારે તે જ માહિતી માંગતા સા.વે.ઝોન (અઠવા) ધ્વારા આ માહિતી ઉપલબ્ધ રેકર્ડ ઉપર ન હોવાનું જણાવી માહિતી છુપાવવાનો પ્રયાસ કરેલ છે જેથી માહિતી પૂરી પાડવા સાથે સાથે ખોટો જવાબ આપી માહિતી છુપાવેલ હોવાનું જણાવી તા.૧૯–૧–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારે અપીલમાં રજૂ કરેલ પૂરક વિગતનો પત્ર નં. સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૦૩ તા.૧૮–૧૦–૧૦ ના પત્રથી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ધ્વારા "અરજીમાં જણાવેલ પ્રશ્નવાળી મિલ્કતમાં ચાલતું બાંધકામ અટકાવવામાં આવેલ છે તથા મિલ્કત માલિક ધ્વારા મંજુરી અર્થે અત્રેની કચેરીમાં પ્લાન મંજુર કરેલ છે" જે મંજુરી હેઠળ છે તેવું જણાવેલ છે. પરંતુ કઈ માહિતી અરજીના અનુસંધાને કઈ મિલ્કત બાબતે છે તે પત્ર પરથી સ્પષ્ટ થતું નથી. અરજદારે તા.૧–૧૦–૧૦ ની અરજી કે તેની કોઈ પૂર્વા પર વિગતો સામેલ કરેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારીના બંને માહિતી પત્રો એક જ મિલ્કતના હોવાનું આ અપીલમાં રજૂ થયેલ પત્ર પરથી નિષ્કર્ષ પર આવી શકાય નહીં. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન કક્ષાએથી અરજદારને આપેલ પ્રત્યુત્તર તા.૧૨–૧–૧૦ માં માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૧૨–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દફતર ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. જેને અનુલક્ષી બાબત હેઠળના વિસ્તારના બાંધકામ પરવાનગી રજીસ્ટર તથા સદર વિસ્તારના બાંધકામ મકાન નિરીક્ષકના ઝોન કચેરીના જવાબદાર અધિકારી/કર્મચારી ની અરજી પૂર્વેના ચાલુ વર્ષના સમયગાળાની મુલાકાત નોંધનું દફતરી તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,